30 કલાક બાદ પણ ઉન પાટિયાના વેસ્ટેજ ગોડાઉનની આગ બેકાબૂ



1,000 ટન ચીંદી અને વેસ્ટેજ કાપડના જથ્થામાં આગ યથાવત્

8થી 9 વીઘાના ખુલ્લા વિસ્તારમાં ફેલાયેલી આગને કાબૂમાં લેવા ફાયર વિભાગની કવાયત

સુરતઃ સચિનના ઉન પાટિયા વિસ્તારમાં આવેલા વેસ્ટેજ કાપડના ખુલ્લા ગોડાઉનમાં લાગેલી ભીષણ આગ 30 કલાક વીતી જવા છતાં કાબૂમાં આવી નથી. 8 થી 9 વીઘા જેટલા વિશાળ ખુલ્લા ખેતરમાં ગેરકાયદેસર રીતે સંગ્રહિત કરવામાં આવેલા આશરે 1,000 ટન ચીંદી અને વેસ્ટેજ કાપડના જથ્થામાં આગ હજુ પણ ભભૂકી રહી છે. ખાસ કરીને ખુલ્લામાં ફેલાયેલા અને છૂટા પડેલા કાપડના વેસ્ટેજમાં આગ ફરીથી સળગી ઊઠતાં ફાયર વિભાગ માટે આગને સંપૂર્ણપણે બુઝાવવી પડકારરૂપ બની છે.

આગની ઘટનાને 30 કલાક જેટલો સમય વીતી ગયો હોવા છતાં સ્થળ પર ધુમાડાના ગોટેગોટા અને આગની જ્વાળાઓ જોવા મળી રહી છે. વેસ્ટેજ કાપડનો વિશાળ જથ્થો હોવાથી આગ એક જગ્યાએ કાબૂમાં આવ્યા બાદ બીજી જગ્યાએ ફરી ભભૂકી ઊઠે છે. જેના કારણે ફાયર વિભાગના જવાનો સતત આગ બુઝાવવાની કામગીરીમાં જોડાયેલા છે. ફાયર ઓફિસર દિનેશ પટેલના જણાવ્યા અનુસાર, હાલ ઉન, ભેસ્તાન અને ભાઠેના ફાયર સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે તૈનાત છે. ફાયર વિભાગ દ્વારા પાણીનો સતત મારો ચલાવી આગને વધુ ફેલાતી અટકાવવા તેમજ બાકી રહેલા વેસ્ટેજના જથ્થામાં લાગેલી આગને સંપૂર્ણપણે બુઝાવવા કવાયત હાથ ધરવામાં આવી રહી છે. વિશાળ વિસ્તારમાં ફેલાયેલા કાપડના જથ્થાને કારણે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવવામાં સમય લાગી રહ્યો છે.

10 લાખ લિટર પાણીનો વપરાશ થયો

સચિનના ઉન પાટિયા વિસ્તારમાં વેસ્ટેજ કાપડના ગોડાઉનમાં લાગેલી ભીષણ આગને કાબૂમાં લેવા ફાયર વિભાગે અત્યાર સુધીમાં અંદાજે 10 લાખ લિટર પાણીનો વપરાશ કર્યો છે. 8થી 9 વીઘાના વિશાળ વિસ્તારમાં ફેલાયેલા આશરે 1,000 ટન ચીંદી અને વેસ્ટેજ કાપડના જથ્થાને કારણે આગ બુઝાવવાની કામગીરી મુશ્કેલ બની છે. કાપડનો જથ્થો ખુલ્લામાં ફેલાયેલો હોવાથી એક જગ્યાએ આગ કાબૂમાં આવ્યા બાદ બીજી જગ્યાએ ફરીથી આગ ભભૂકી ઊઠે છે. આગની ઘટનાને 30 કલાક જેટલો સમય વીતી ગયો હોવા છતાં ફાયર વિભાગની ટીમો સતત પાણીનો મારો ચલાવી રહી છે. ઉન, ભેસ્તાન અને ભાઠેના ફાયર સ્ટેશનનો કાફલો સ્થળ પર કામગીરીમાં જોડાયેલો છે.



૩૨ વર્ષ પહેલાં સુરત શહેરમાં છઠપૂજાની પરંપરા શરુ થઈ હતી

૫૦૦ લોકોથી શરૂ થયેલી જાહેર સ્થળો પરની છઠપૂજા માં આજે ૩,૫૦,૦૦૦ લોકો જોડાયા.

તાપી-તળાવ-નહેર કિનારે ૧૮થી વધુ સ્થળે લાખો શ્રદ્ધાળુઓએ સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કર્યું



સુરતઃ સુરત શહેરને કર્મભૂમિ બનાવનાર બિહાર, ઝારખંડ, પૂર્વ ઉત્તર પ્રદેશનાં લોકોએ ૩૨ વર્ષ પહેલાં ૫૦૦ લોકોથી શરૂ કરેલી જાહેર સ્થળો પરની છઠ પુંજામાં આજે ૩,૫૦,૦૦૦ લોકો જોડાયા હતા. સુરતમાં વસતા લાખો ઉત્તર ભારતીય પરિવારોના સૌથી મોટા અને પવિત્ર લોકઆસ્થાના પર્વ 'છઠ પૂજા'ની અત્યંત ભક્તિમય અને ઉલ્લાસપૂર્ણ માહોલમાં આજે ડુબતા સુર્યની પુંજા અર્ચના સાથે ઉજવણી સંપન્ન થઈ હતી. બિહાર વિકાસ પરિષદના અધ્યક્ષ ધર્મેશ સિંહે જણાવ્યું હતું કે, તાપી નદીના કિનારે આશરે એક કિલોમીટર લાંબા વિસ્તારમાં સફાઈ કરીને વ્રતધારીઓ અને શ્રદ્ધાળુઓની સુવિધા માટે અસ્થાયી છઠ ઘાટ તૈયાર કરવામાં આવ્યો હતો. હજારો વ્રતધારીઓએ તાપી નદીમાં ઊભા રહી સુર્ય દેવને અર્ઘ્ય અર્પણ કર્યું હતું. બિહાર વિકાસ પરિષદ, સુરત દ્વારા વર્ષ ૧૯૯૪થી સતત છઠ મહાપર્વનું આયોજન કરવામાં આવે છે. ચાર દિવસીય આ કઠોર વ્રતના આજનાં દિવસે ડુબતા સુર્યની પુંજા અર્ચના કરવામાં આવી હતી. આવતીકાલે સવારે ઉદયમાન (ઊગતા) સૂર્યદેવને અર્ઘ્ય અર્પણ કરવામાં આવશે. આ સાથે તાપી નદીના કિનારે અને શહેરના વિવિધ તળાવો પર 'મિની બિહાર' જેવો અદભુત નજારો સર્જાયો હતો. અમરોલી, સિંગણપોર કોઝવે પાસે , ડભોલી, જહાંગીરપુરા, ગોડાદરા, પાંડેસરા, ઉધના અને ડિંડોલી તળાવ સહિત તાપી નદીના કુલ ૧૮ જેટલા સ્થળો પર શ્રદ્ધાળુઓનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. સિંગણપોર. જહાંગીરપુરા, નાવડી ઓવારે સૂર્યપુત્રી તાપી નદીના તટે બિહાર વિકાસ મંડળ અને સ્થાનિક સંસ્થાઓ દ્વારા યોજાયેલી આ છઠ પુંજામા માટીની ડેરીઓ (વેદીઓ) પાસે વ્રતધારી મહિલાઓએ પારંપરિક છઠ ગીતો ગાઈને વાતાવરણને ભક્તિમય બનાવી દીધું હતું. ૩૬ કલાકના કઠોર નિર્જળા ઉપવાસ આવતીકાલે વહેલી સવારે ઉદયમાન (ઊગતા) સૂર્યદેવને જળ, દૂધ, ફળ અને ઠેકુઆ સહિતના પ્રસાદ સાથે અર્ઘ્ય અર્પણ કરીને પરિવારની સુખ-સમૃદ્ધિ, આરોગ્ય અને સંતાનોના દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી ઉપવાસની પૂર્ણાહુતિ કરશે.

માતાએ મોબાઈલ મુદ્દે ઠપકો આપતા વિદ્યાર્થીનો આપઘાત

માતાએ કહ્યું ક્યારનો મોબાઇલ જોઇ રહ્યો છે ઉઠીને કામે લાગતો તો ફાંસો ખાઇ લીધો

સુરતઃ ડિંડોલીમાં મોબાઈલ ફોન જોવાની બાબતે માતાએ ઠપકો આપતાં ડિંડોલી વિસ્તારમાં રહેતા ધોરણ-9ના 15 વર્ષીય વિદ્યાર્થીએ આપઘાત કરી લેતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. કિશોરને તાત્કાલિક સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ફરજ પરના તબીબોએ તેને મૃત જાહેર કર્યો હતો.

મળેલી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના વતની 15 વર્ષીય મહેશ શંભુપ્રસાદ પટેલ હાલમાં ડિંડોલી વિસ્તારમાં આવેલા રામદેવનગરમાં પરિવાર સાથે રહેતો હતો. તે જ્ઞાનસાગર સ્કૂલમાં ધોરણ-9માં અભ્યાસ કરતો હતો. આજે સવારે મહેશ મોબાઈલ ફોન જોઈ રહ્યો હતો. આ દરમિયાન તેની માતાએ ક્યારનો મોબાઈલ જોઈ રહ્યો છે, ઊઠીને કામે લાગ એમ તેને ઠપકો આપ્યો હતો. માતાની આ વાતનું માઠું લાગી આવતાં મહેશ ગુસ્સામાં ઊભો થઈને રૂમમાં ગયો હતો અને ફાંસો ખાઈ લીધો હતો.

બનાવની જાણ થતાં પરિવારજનો તાત્કાલિક રૂમમાં પહોંચ્યા હતા અને તેને નીચે ઉતારી 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર માટે નવી સિવિલ હોસ્પિટલ લઈ આવ્યા હતા. જોકે, અહીં ફરજ પરના તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. મહેશની માતા સિલાઈ કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારમાં મહેશ ઉપરાંત બે બહેનો અને એક ભાઈ છે. મહેશના અચાનક મોતથી પરિવાર પર આભ તૂટી પડ્યું છે.

બિરસા મુંડાની જન્મજયંતિ નિમિત્તે 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી

સંજીવકુમાર ઓડિટોરિયમમાં યોજાયેલા કાર્યક્રમમાં યોજનાકીય લાભોનું વિતરણ

સુરતઃ સુરત મહાનગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે ભગવાન બિરસા મુંડાની 151 મી જન્મજયંતિ નિમિત્તે 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલની ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમનો શુભારંભ મહાનુભાવોના હસ્તે ભગવાન બિરસા મુંડા તેમજ આદિવાસી દેવી-દેવતાઓની પ્રતિમા સમક્ષ પૂજન અર્ચન અને દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યો હતો. આ અવસરે આદિવાસી સમાજની સમૃદ્ધ સંસ્કૃતિ, પરંપરા અને શૌર્યને ઉજાગર કરતા પરંપરાગત આદિવાસી લોકનૃત્યની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. આદિવાસી અસ્મિતા અને ગૌરવશાળી વિરાસતના સંવર્ધનના મહત્ત્વને રેખાંકિત કરતા ભગવાન બિરસા મુંડાના જીવનચરિત્ર, સંઘર્ષ અને રાષ્ટ્ર માટેના અતુલ્ય યોગદાન પર આધારિત એક વિશેષ ડોક્યુમેન્ટરીનું પણ નિદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વડાપ્રધાનના મહારાષ્ટ્રના ગઢચિરોલી ખાતે યોજાયેલા જનજાતીય ગૌરવ દિવસના લાઈવ સંબોધનનું પણ સૌએ જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન આદિવાસી સમસ્ત સમાજના અધ્યક્ષ કાંતિલાલ કુંણભી સહિતના આગેવાનોનું તથા વિવિધ ક્ષેત્રોમાં વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરનાર તેજસ્વી રમતવીરોનું મહાનુભાવોના હસ્તે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓને મહાનુભાવો દ્વારા સહાય અને લાભોનું વિતરણ કરાયું હતું. આ આયોજનમાં ડેપ્યુટી મેયર સુધાકરભાઈ ચૌધરી, સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલ, મ્યુનિસિપલ કમિશનર રાજકુમાર બેનીવાલ, પ્રભારી પ્રશાંતભાઈ કોરાટ, શાસક પક્ષ દંડક ઉર્મિલા ત્રિપાઠી સહિતના મ્યુનિસિપલ સદસ્યો અને આદિવાસી સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

સુરતમાં ચાકુની અણીએ આતંક મચાવતી ગેંગ ઝડપાઈ

૧.૬૮ લાખના મુદ્દામાલ સાથે ઘરપકડ અને ચોરીના ૫ ગુના ઉકેલ્યા.

સુરતઃ : સુરત શહેરના ઉધના, પાંડેસરા અને અલથાણ વિસ્તારમાં રાહદારીઓને નિશાન બનાવી ચાકુ મારી તથા અપહરણ કરીને મોબાઈલ ફોનની લૂંટ ચલાવતી રીઢા ગુનેગારોની એક ટોળકીને ઝડપી પાડવામાં ઉધના પોલીસને મોટી સફળતા હાથ લાગી છે. ઉધના પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે ચોક્કસ બાતમીના આધારે પાંચ આરોપીઓની ધરપકડ કરી લૂંટના ૪ અને ચોરીનો ૧ એમ કુલ ૫ વણઉકલ્યા ગુનાઓનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે આરોપીઓ પાસેથી લૂંટના ૬ મોબાઈલ, ૨ બાઈક અને ગુનામાં વપરાયેલા ૩ ચાકુ સહિત કુલ ૧,૬૮,૦૦૦/- ની મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો છે.

ઝડપાયેલા તમામ આરોપીઓ પાંડેસરાના

(1) મનદીપ ઉર્ફે બાબુ અશોક પાલ (ઉ.વ. ૨૧, ધંધો: પશુપાલન, રહે. ઘર નં. ૧૮૯, સત્યસાંઈનગર, બમરોલી સી.એન.જી. રોડ, પાંડેસરા, સુરત; મૂળ વતન: ગામ બિંધા, થાના બકેવર, જિ. ફતેહપુર, ઉત્તર પ્રદેશ)

(2) જયેશ ઉર્ફે બાબુ પિયુષ યાદવ (ઉ.વ. ૧૮, ધંધો: મજૂરી, રહે. ઘર નં. ૪૯, ભવાનીનગર, એચ.એમ.ટી. સ્કૂલ પાસે, પાંડેસરા, સુરત; મૂળ વતન: ગામ અહલીપુર, થાના કીરાકત, જિ. જૌનપુર, ઉત્તર પ્રદેશ)

(3) રવિ ઉર્ફે રવિશંકર ઉર્ફે ટેણીયા વિજય યાદવ (ઉ.વ. ૨૨, ધંધો: રિક્ષા ડ્રાઇવર, રહે. ઘર નં. ૫૬ બીજા માળે, કેશવનગર, દેવકીનંદન સ્કૂલ પાસે, પત્રકાર કોલોની, પાંડેસરા, સુરત; મૂળ વતન: ગામ દોલતપુર, થાના કાંદીગંજ, જિ. મુગલસરાઇ/પંડિત દિનદયાળ ઉપાધ્યાયનગર, ઉત્તર પ્રદેશ)

(4) વિકાસ ઉર્ફે છોટુ હેમરાજ પાંડે (ઉ.વ. ૨૧, ધંધો: નોકરી, રહે. ઘર નં. ૫૬ બીજા માળે, કેશવનગર, દેવકીનંદન સ્કૂલ પાસે, પત્રકાર કોલોની, પાંડેસરા, સુરત; મૂળ વતન: ગામ કલ્યાણપુર, થાના શીકરાઉલ, જિ. બક્સર, બિહાર)

(5) રાજુ શેખનાથ ગૌડ (ઉ.વ. ૨૨, ધંધો: મજૂરી, રહે. પ્લોટ નં. ૧૩૫, તુલસીધામ સોસાયટી, બમરોલી રોડ, પાંડેસરા, સુરત; મૂળ વતન: ગામ જગદીશપુર ભલુઆન, તા. બાંસગાંવ, જિ. ગોરખપુર, ઉત્તર પ્રદેશ)

ત્રણ પોલીસ સ્ટેશનના ૫ ગુનાઓનો ભેદ ઉકેલાયો

» ઉધના પોલીસ સ્ટેશન (અપહરણ અને લૂંટ): આરોપીઓએ એકસાથે મળી ફરિયાદીનું અપહરણ કરી, માર મારી અને જાનથી મારી નાખવાની ધમકી આપી ૨૦,૦૦૦/- ની કિંમતનો VIVO કંપનીનો Y400 મોબાઇલ લૂંટી લીધો હતો » પાંડેસરા પોલીસ સ્ટેશન (લૂંટ - પ્રથમ બનાવ): પાંચેય આરોપીઓએ ફરિયાદીને આંતરી ૧૨,૦૦૦/- ની કિંમતનો VIVO V30E મોબાઇલ તથા ૮,૦૦૦/- ની કિંમતનો VIVO Y28s મોબાઇલ એમ કુલ બે ફોન લૂંટી લીધા હતા » પાંડેસરા પોલીસ સ્ટેશન (લૂંટ - બીજો બનાવ): ફરિયાદી પાસેથી ૫,૦૦૦/- ની કિંમતનો INFINIX કંપનીનો 40X મોબાઇલ લૂંટી લેવામાં આવ્યો હતો » પાંડેસરા પોલીસ સ્ટેશન (લૂંટ - ત્રીજો બનાવ): આરોપીઓએ ફરિયાદી પાસેથી ૩,૦૦૦/- ની કિંમતનો VIVO કંપનીનો Y93 મોબાઇલ લૂંટી લીધો હતો » અલથાણ પોલીસ સ્ટેશન (ચોરીનો બનાવ): ફરિયાદીનો ૫,૦૦૦/- ની કિંમતનો INFINIX કંપનીનો 40X મોબાઇલ આ ટોળકીએ ચોરી લીધો હતો

કરોડોના ખર્ચે બનેલા સુરતના બગીચા અને રિવરફ્રન્ટ જર્જરિત

ભેસ્તાન-ડિંડોલીના બગીચાઓની દુર્દશા



સુરતઃ સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરવાસીઓને મનોરંજન અને પરિવાર સાથે ગુણવત્તાસભર સમય વિતાવવા માટે કરોડો રૂપિયાના ખર્ચે અનેક બગીચાઓ અને જાહેર જગ્યાઓ વિકસાવવામાં આવી છે, પરંતુ યોગ્ય જાળવણીના અભાવે આ તમામ સ્થળો આજે અત્યંત દયનીય અને જર્જરિત હાલતમાં ફેરવાઈ ગયા છે. ખાસ કરીને તહેવારો અને રજાઓની મોસમમાં જ્યારે નાગરિકો પરિવાર સાથે હરવા-ફરવા માટે સારી જગ્યાઓ શોધતા હોય છે, ત્યારે બગીચાઓની આ નબળી અને ખરાબ સ્થિતિ તેમને ભારે નિરાશ કરે છે.

આ મુદ્દે શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશીએ આક્ષેપ કર્યો હતો કે ભાજપ સરકારે ઉધના વિસ્તારમાં આવેલા ભેસ્તાન ગાર્ડનમાં દેશની સૌથી મોટી ફૂલોની ઘડિયાળ સ્થાપિત કરીને મોટી-મોટી વાહવાહી તો મેળવી લીધી હતી, પરંતુ હવે આ બગીચાની જાળવણીની સંપૂર્ણપણે અવગણના થઈ રહી છે.

બગીચાઓની સુરક્ષા વ્યવસ્થા, કથળેલી સુવિધાઓ તેમજ બાપુનગરમાં આવેલા તાપી રિવરફ્રન્ટની બગડતી હાલત સામે તેમણે આક્ષેપ કર્યો હતો કે બગીચાઓની સુરક્ષા માટે કરોડો રૂપિયાના માતબર ખર્ચે સિક્યોરિટી કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા હોવા છતાં ગ્રાઉન્ડ પર કાયદો અને વ્યવસ્થાનો અભાવ સ્પષ્ટ વર્તાય છે, પરિણામે બગીચાઓમાંથી કિંમતી સાધનો ચોરાઈ ગયા છે અને કેટલાક અસામાજિક તત્વો તથા ડ્રગ્સના બંધાણીઓનો અડ્ડો બની ગયા છે. આટલું જ નહીં, અનેક બગીચાઓનો ઉપયોગ ગેરકાયદેસર પાર્કિંગ લોટ તરીકે થવા લાગ્યો હોવાથી નાના બાળકો, વૃદ્ધો અને પરિવારજનો માટે ત્યાં સમય પસાર કરવો મુશ્કેલ બન્યો છે.

બીજી તરફ, બાપુનગર ખાતે કરોડો રૂપિયાના ખર્ચે અત્યંત ઉત્સાહથી લોકાર્પિત કરાયેલા તાપી રિવરફ્રન્ટ પર અગાઉ પતંગ મહોત્સવ જેવા ભવ્ય કાર્યક્રમો યોજાતા હતા અને નાગરિકો માટે ચિલ્ડ્રન પ્લે એરિયા તથા ખાણી-પીણીના સ્ટોલ શરૂ થવાથી સ્થાનિક લોકોને રોજગારી પણ મળતી હતી, પરંતુ આજે આ લોકપ્રિય સ્થળ પણ તદ્દન જર્જરિત અને ખંડેર હાલતમાં ફેરવાઈ ગયું છે.

નશાની હાલતમાં હપ્તા વસૂલતા કથિત મનપા કર્મીને મેથીપાક

વાયરલ વીડિયોના આધારે અલથાન પોલીસે તપાસ હાથ ધરી



સુરતઃ સુરત મહાનગરપાલિકાના એક કથિત કર્મચારીને સ્થાનિક લોકો અને ફેરિયાઓએ ઘેરીને જોરદાર મેથીપાક ચખાડ્યો હોવાનો વિડીયો સોશીયલ મીડીયામા વાયરલ થઈ રહ્યો છે. પ્રાપ્ત વિગતો મુજબ, આ શખ્સ નશાની હાલતમાં આવીને ગરીબ ફેરિયાઓ પાસે રોજબરોજ પૈસાની માંગણી કરતો અને હેરાન પરેશાન કરતો હોવાના ગંભીર આક્ષેપો સાથે રોષે ભરાયેલા લોકોએ તેનો કોલર પકડીને તમાચા ઝીંકી દીધા હતા. વાઈરલ થયેલા વીડિયોમાં રસ્તાની બાજુમાં બેસીને નાની-મોટી ચીજવસ્તુઓ વેચતી એક મહિલા ફેરિયાએ આક્ષેપ કર્યો હતો કે આ કથિત કર્મચારી દારૂના નશામાં ચૂર થઈને રોજ આવે છે અને ગરીબો પાસેથી જબરદસ્તી પૈસા પડાવીને હેરાન કરે છે. મહિલાએ રોષ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે નશામાં આવીને લોકોને હેરાન કરવાનો આ કોઈ સમય નથી, ભલે પછી સામેવાળી વ્યક્તિ કોઈ પણ અધિકારી કેમ ન હોય! આ દરમિયાન ત્યાં હાજર અન્ય એક નાગરિકે પણ આક્ષેપ કર્યો હતો કે આ શખ્સ એસએમસીના યુનિફોર્મ જેવું પહેરીને કે તેની આડમાં ગરીબ ફેરિયાઓને લૂંટવાનું કામ કરી રહ્યો છે, જેથી ઉશ્કેરાયેલા લોકોએ તેની પાસે તાત્કાલિક ઓળખપત્ર (આઈ-કાર્ડ) ની માંગણી પણ કરી હતી.

આ સમગ્ર વિવાદ દરમિયાન જે બાઈક પર આ કથિત કર્મચારી આવ્યો હતો, તેના પર 'ઓન ડ્યુટી SMC' લખેલું જોવા મળ્યું હતું અને તેનો રજીસ્ટ્રેશન નંબર GJ-05-HD-5773 હોવાનું સામે આવ્યું છે. જ્યારે લોકોનો આક્રોશ વધ્યો અને વિવાદ વધુ ઉગ્ર બન્યો, ત્યારે આ શખ્સે ત્યાંથી પોતાની બાઈક લઈને ભાગી છૂટવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો, પરંતુ જાગૃત ટોળાએ તેને ચારેય બાજુથી ઘેરી લીધો હતો. આ મામલે અલથાણ પોલીસ મથકના પીઆઈ જે.એસ. જંબારેએ મીડિયાને જણાવ્યું છે કે વાઈરલ થઈ રહેલો આ વીડિયો અલથાણ વિસ્તારના ન્યૂ વીઆઈપી રોડનો હોવાનું ચર્ચાઈ રહ્યું છે. હાલ પોલીસ દ્વારા પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવી રહી છે કે આ ઘટના ચોક્કસપણે અલથાન પોલીસ સ્ટેશનની હદમાં જ બની છે કે પછી અન્ય કોઈ પોલીસ મથકના વિસ્તારમાં આવે છે. જો આ સમગ્ર ઘટના અલથાન પોલીસ સ્ટેશનની હદ અંતર્ગત આવતી હોવાનું સ્પષ્ટ થશે, તો આ કથિત કર્મચારી અને સમગ્ર પ્રકરણ તથા હપ્તાવસુલીના કેસમાં કાયદેસરની સખત કાનૂની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ફ્લાયઓવર બ્રિજની ફૂટપાથ પર પણ વસવાટ

સીસીટીવી કેમેરા માત્ર દંડ ફટકારવા પૂરતા સીમિત હોવાથી રાહદારીઓની સુરક્ષા ભગવાન ભરોસે

ચંદ્રશેખર આઝાદ બ્રિજ પર રિક્ષા પાર્ક કરી તંબુ બાંધીને ખુલ્લેઆમ વસવાટ

સુરતઃ શહેરમાં જાહેર રસ્તાઓ પરના દબાણો બાદ હવે ફ્લાયઓવર બ્રિજ અને તેની ફૂટપાથ પર પણ દબાણકારોએ બેરોકટોક કબજો જમાવવાનું શરૂ કરી દીધું છે, ચંદ્રશેખર આઝાદ બ્રિજ પર છેલ્લા એક મહિનાથી એક રિક્ષા પાર્ક કરીને તેની સાથે તંબુ બાંધીને ખુલ્લેઆમ કાયમી વસવાટ કરવામાં આવી રહ્યો છે, છતાં પાલિકા અને પોલીસ વિભાગના અધિકારીઓને આ ગેરકાયદેસર દબાણ હટાવવાની કોઈ ફુરસદ મળી નથી. સામાન્ય નાગરિક દ્વારા કરવામાં આવતા નાના-મોટા દબાણો સામે ત્વરિત હરકતમાં આવી જતું તંત્ર અહીં કેમ આંખ આડા કાન કરી રહ્યું છે તે સમજાતુ નથી. જાહેર ફૂટપાથને ખાનગી રહેઠાણ બનાવી દેવામાં આવ્યા છે. જો સમયસર આ દબાણ દૂર નહીં કરવામાં આવે, તો આજે એક રિક્ષા અને એક તંબુથી શરૂ થયેલી આ સ્થિતિ આવતીકાલે સમગ્ર બ્રિજ પર દબાણોની મોટી હારમાળામાં ફેરવાઈ જશે, જેના કારણે રાહદારીઓએ ચાલવા માટે રસ્તા પર ઉતરવું પડશે અને જીવનું જોખમ વધી જશે. માત્ર ચંદ્રશેખર આઝાદ બ્રિજ જ નહીં, પરંતુ તાપી નદી પરના જહાંગીરપુરા-ડભોલી બ્રિજ, મોટા વરાછા અને વરાછાને જોડતા બ્રિજ તેમજ સ્વામી વિવેકાનંદ લો લેવલ બ્રિજ પર પણ રાત્રિના સમયે ખાણીપીણીની લારીઓ, હેલ્મેટ-શાકભાજીના વેચાણ માટે અચાનક વાહનો રોકવાની પ્રવૃત્તિ અને આડેધડ પાર્કિંગને કારણે વાહનચાલકો અને રાહદારીઓ અકસ્માતના ભય વચ્ચે જીવવા મજબૂર બન્યા છે.

સુરતમાં પાલિકા અને પોલીસ દ્વારા કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ટ્રાફિક નિયંત્રણ માટે ત્રણ હજાર કરતાં વધુ અત્યાધુનિક સીસીટીવી કેમેરાનું વિશાળ નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે, પરંતુ આ કેમેરાનો ઉપયોગ જાહેર સમસ્યાઓ કે દબાણો દૂર કરવાને બદલે માત્ર સામાન્ય નાગરિકોને હેલ્મેટ, સીટબેલ્ટ કે ગંદકીના મામલે ભારેખમ દંડ ફટકારવા પૂરતો જ મર્યાદિત થઈ ગયો હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે.



આજે જલારામ બાપાની ૨૨૭મી જન્મજયંતિની ભવ્ય ઉજવણી

સુરત : સેવાભાવ, અન્નદાન અને માનવતાના સંદેશને જીવનમાં ઉતારનાર સંત શિરોમણિ પૂજ્ય જલારામ બાપાની 227મી જન્મજયંતિ નિમિત્તે આવતીકાલે સોમવાર, તા. 16 નવેમ્બરના રોજ સુરત શહેરમાં ભક્તિભાવ અને ઉત્સાહ સાથે ઉજવણી કરવામાં આવશે.

કારતક સુદ સાતમના પવિત્ર દિવસે શહેરનાં વિવિધ વિસ્તારોમાં આવેલા જલારામ મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જન્મજયંતિને લઈને શહેરનાં જલારામ મંદિરોમાં વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. મંદિરોને રંગબેરંગી રોશની, ફૂલો, ધજા અને તોરણોથી શણગારવામાં આવ્યાં છે. દિવસ દરમિયાન પૂજા-અર્ચના, ભજન-કીર્તન, અખંડ ધૂન, અન્નકૂટ દર્શન, મહાઆરતી અને મહાપ્રસાદીનાં કાર્યક્રમો યોજાશે.

પાલનપોર સ્થિત શ્રી જલા - સાંઈ - મોઢેશ્વરી (માતંગી) મંદિર, મીનીવીરપુરધામ ખાતે જલારામ જન્મજયંતિ ધામધુમથી ઉજવવામાં આવશે. આ જન્મ જયંતિ મહોત્સવ નિમિત્તે ભવ્ય મહાપ્રસાદી - ભંડારાનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવમાં ખુબ જ મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડશે.